# ૧૦, ઓગષ્ટ–૨૦૧૫ (સોમવાર)

## (૧) વર્લ્ડ લાયન ડે:–

## (૨) ઇરાકમાં નાયબવડાપ્રધાન અને ઉપરાષ્ટ્રપતિના પદ નાબુદ :

- તાજેતરમાં ઇરાકના વડાપ્રધાન હૈદર જવાદ અલ અબદીએ દેશમાં નાયબ વડાપ્રધાન અને ઉપરાષ્ટ્રપતિના પદને નાબુદ કર્યા.
- વડાપ્રધાને આ પગલું દેશની આર્થિક સ્થિતીમાં સુધારો લાવવા માટે અને સરકારી ખર્ચો ઓછો કરવા માટે લીધું છે.

## (૩) 'આનંદીમાર્ગ સર્વાંગી વિકાસની યાત્રા –આગેકદમ ગુજરાત' :–

- શ્રીમતી આનંદીબેન પટેલ મુખ્યમંત્રી બન્યા બાદ ગુજરાતનો વિકાસ દર્શાવતું આ કોફી ટેબલ બુકનું લોકાર્પણ વિચારક અને તત્વચિંતક ગુણવંત શાહે કર્યું હતું.
- આ પ્રસંગે વિવિધ ક્ષેત્રની ૧૨ મહિલાઓનું મુખ્યમંત્રી દ્વારા સન્માન કરાયું.

## (૪) રાજ્યમાં નગરપાલિકાની સંખ્યા વધી :–

- હાલમાં રાજ્યમાં કુલ ૧૬૨ નગરપાલિકા છે.
- અત્યાર સુધી વર્ષ ૨૦૦૧ની વસ્તી ગણતરી આધારિત કુલ ૧૫૯ નગરપાલિકા હતી.
- હવે રાજ્ય સરકારે તમામ નગરપાલિકાનું ૨૦૧૧ની છેલ્લી વસ્તી ગણતરીના આંકડા આધારિત નવેસરથી વર્ગીકરણ કરતા કુલ ૧૬૨ નગરપાલિકા અસ્તિત્વમાં આવી છે.
- વસ્તી પ્રમાણે નગરપાલિકાનું અ,બ,ક, અને ડ એમ અલગ અલગ વર્ગમાં વિભાજન કરાયું છે જે નીચુ મુજબ છે.
-

| વર્ગ | વસ્તી | નગરપાલિકા |
|---|---|---|
| અ | ૧ લાખથી વધુ | ૨૨ |
| બ | ૫૦ હજારથી ૧ લાખ | ૩૪ |
| ક | ૨૫ થી ૫૦ હજાર | ૬૨ |
| ડ | ૧૫ થી ૨૫ હજાર | ૪૪ |
| | કુલ | ૧૬૨ |

## (૫) વડાપ્રધાન મોદી યુએઇના પ્રવાસે જશે :–

- આગામી ૧૬ અને ૧૭ ઓગષ્ટ વડાપ્રધાન નરેન્દ્ર મોદી યુનાઇટેડ આરબ એમિરેટ્સ (યુએઇ) ની મુલાકાત લેશે.
- ૩૪ વર્ષ પછી ભારતીય વડાપ્રધાન યુએઇ જશે, અગાઉ વર્ષ ૧૯૮૧માં સ્વર્ગસ્થ ઇન્દિરા ગાંધીએ યુએઇની મુલકાત લીધી હતી.
- ભાતરીય સમુદાય દુબઇ ક્રિકેટ સ્ટેડિયમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ભવ્ય સ્વાગત કરશે.

## (૬) વેળાવદર નેશનલપાર્કમાં ખડમોરની ગણતરી :–

- દેશમાં લુપ્ત થતી પ્રજાતી પૈકી ખડમોર માટે ગુજરાતનું વેળાવદર નેશનલ પાર્ક સંવનનકાળ માટેનું આદર્શ સ્થળ બની રહ્યું છે.
- ખડમોર ચોમાસાની સીઝનમાં બ્રિડીંગ માટે વેળાવદર નેશનલ પાર્ક આવી પહોંચે છે.
- માદાને આકર્ષવા માટે નર સંવનન નૃત્ય કરી ઉંચા કુદકા મારે તે વખતે બાયનોક્યુલરની મદદથી ગણતરી થાય છે.
- ઘાસના મેદાનમાં માદાને સરળતાથી જોઇ શકાતી નથી પરિણામે માત્ર નર ખડમોરની જ ગણતરી થાય છે.
- ચાલુ વર્ષે ખડમોરની ૫૦થી વધુ સંખ્યા નોંધાઇ.
- ગત વર્ષે ૨૦૧૪માં ૨૭ની સંખ્યા નોંધાઇ હતી.
- આ ખડમોર ક્યાંથી આવે છે તે હજુયે જાણી શકાયું નથી.

## (૭) ગાંધીનગરમાં પૂર્વધારાસભ્યોનો સન્માન કાર્યક્રમ યોજાયો :–

- ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે એક્સ એમએલએના સન્માન સમારોહમાં ૧૬ રાજ્યોના પૂર્વ ધારાસભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં.
- ગુજરાત એક્સ એમ.એલ.એ. કાઉન્સિલ અને ધ સ્ટેટ એક્સ એમ.એલ.એ. કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા આ કાર્યક્રમનું આયોજન થયું હતું.
- ધ સ્ટેટ એક્સ એમ.એલ.એ. કાઉન્સિલ ઓફ ઇન્ડિયા ૨૮ રાજ્યોના પૂર્વ ધારાસભ્યોનું સંગઠન છે.

- પોતાના ધારાસભ્ય તરીકેના કાર્યકાળ દરમિયાન સુંદર કામગીરી કરનાર નવ અને અન્ય રાજ્યોના આઠ ધારાસભ્યોનું રાજ્યપાલના હસ્તે સન્માન કરાયું હતું.

## (૮) અન્ડર–૨૩ વર્લ્ડ અલ્ટિમેટ ફ્રીસબી ચેમ્પિયનશીપ :–

- તાજેતરમાં લંડન ખાતે યોજાયેલી અન્ડર–૨૩ વર્લ્ડ અલ્ટિમેટ ફ્રીસબી ચેમ્પિયનશીપમાં ભારતીય ટીમને સ્પોર્ટસમેન સ્પિરિટનો એવોર્ડ એનાયત થયો.
- ભારત આ ચેમ્પિયનશીપમાં નવમાં સ્થાને રહ્યું હતું. પરંતુ ટીમની ખેલદીલીના કારણે ભારતને આ એવોર્ડ અપાયો હતો.
- આ ટુર્નામેન્ટમાં કુલ ૩૦ દેશોએ ભાગ લીધો હતો જેમાં અમેરિકાની ટીમ ચેમ્પિયન બની હતી.
- ભારતીય ટીમમાં ગુજરાતના ચાર ખેલાડીઓનો સમાવેશ કરાયો હતો.
- આ ગેમ્સને ઓલિમ્પિક્સ માટે પણ મંજુરી મળતાં આગામી વર્ષે રિયો ઓલિમ્પિક્સમાં પણ સ્પર્ધા યોજાશે.

## (૯) દેશનો પહેલો 'સ્માર્ટ હાઇવે' :–

- ઇસ્ટર્ન પેરિફેરલ એક્સપ્રેસ વે ભારતનો સૌથી સ્માર્ટ હાઇવે બનશે.
- આ હાઇવેમાં ખુબજ આધુનિક ઇન્ટેલિજન્ટ ટ્રાફિક સિસ્ટમ હશે, જેના દ્વારા ડ્રાઇવરને ટ્રાફિક જામ વિશેની માહિતી અગાઉથી મળશે.
- ડ્રાઇવરને બહુ ઝડપે ગાડી ચલાવવાની ચેતવણી આપવા તેમા સીસીટીવી કેમેરા ફુટેજનો ઉપયોગ કરવામાં આવશે.
- આ કોરિડોર પર પાઇલટ પ્રોજેક્ટ તરીકે કામ શરૂ થશે જે કેનેડાના કિંગ્સ હાઇવે પ્રમાણે થશે.

વિવેકાનંદ એકેડેમી (સે.૨૨) મો.૯૯૨૫૬૯૮૭૨૧